# જિલ્લામાં આરોગ્યતંત્ર દ્વારા ૧૦મીએ મોકડ્રીલ યોજાશે

ગાંધીનગર, તા. ૬

કોરોનાના સામના માટે તંત્ર દ્વારા કવાયતો હાથ ધરવામાં આવી છે. આ માટે તંત્ર દ્વારા આગામી ૧૦મીના રોજ ખાસ મોકડ્રીલ યોજવામાં આવનાર છે.

૧૦ અને ૧૧ એપ્રિલે રાજયભરમાં મોકડ્રીલ આરોગ્યતંત્ર દ્વારા યોજવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લામાં ૧૦મીએ મોકડ્રીલ યોજવામાં આવશે.

આજે રાજયકક્ષાએથી યોજાયેલી સમીક્ષા બાદ ૧૦મી એપ્રિલે યોજાનાર મોકડ્રીલના આયોજન અંગે જિલ્લાના તમામ પ્રા.આ. કે. તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલ તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકડ્રીલ માટેની તૈયારીઓ આરંભી દીધી છે.

ગાંધીનગર સિવિલમાં તો કોરોના માટે અલાયદો વોર્ડ તેમજ અલાયદી ઓ.પી.ડી. પણ ચલાવવામાં આવી રહી છે. જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં પણ આ અંગે ખાસ બેડ ઉપસ્થિત કરવામાં આવ્યા છે એટલુ જ નહિ જરૂરી સાધનો અને દવાઓથી તે પણ સુસજ્જ કરી દેવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ થી વધુ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં ૯૦ જેટલા કેસો અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યા છે.

કોરોનાના નવા કેસોમાં ૧૬થી ૪૫ વર્ષની વયજૂથના લોકો વધુ સંક્રમિત થયા છે. જો કે સિનીયર સિટીઝન અને મહિલા તેમજ બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રએ ટ્રેકીંગ, ટ્રીટમેન્ટ અને ટ્રેસીંગ પર વધુ ભાર મુક્યો છે.

અગાઉ પણ કોરોના માટે મોકડ્રીલ થઈ હતી જેમાં ઓક્સિજન પ્લાન્ટની ચકાસણી કરાઈ હતી જે નોંધનીય છે.

# લવારપુર પંચાયતનુ બજેટ ખાસ સભામાં પણ નામંજૂર થયુ

## ખાસ સભામાં પણ ચાર સભ્યો દ્વારા આ બજેટ મંજૂરી માટે અસહમતિ દર્શાવવામાં આવતાં બજેટ નામંજૂર થયુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકાની લવારપુર ગ્રામ પંચાયતમાં આજે મળેલી ખાસ સામાન્ય સભામાં બજેટ વધુ એક વખત નામંજૂર થતાં પંચાયતના વર્તુળોમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

આજે અધ્યાસી અધિકારીની ઉપસ્થિતિમાં મળેલ ખાસ બેઠકમાં પણ વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ નામંજૂર કરવામાં આવ્યુ છે.

ખાસ સભાની કાર્યવાહી ચાલવા દરમ્યાન સરપંચ અને બે સભ્યો સહિત ત્રણની સહમતિ સામે અન્ય ચાર સભ્યોએ અસહમતિ દર્શાવતાં બજેટ નામંજૂર થયુ હતુ.

અગાઉ ૧૭ ફેબ્રુઆરીએ પંચાયતની મળેલ સભામાં આ બજેટ નામંજૂર કરવામાં આવ્યુ હતુ. તે વખતે ચાર સભ્યોએ આ મુદ્દે તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવી જાણ કરી હતી. ત્યારબાદ તા. વિકાસ અધિકારી દ્વારા ખાસ સભા બોલાવવા પંચાયતને લેખિતમાં જાણ ૩૧મી માર્ચના રોજ કરી હતી. આજે યોજાયેલ સભાની જાણ ૩ એપ્રિલે કરવામાં આવી હતી. ખાસ સભામાં પણ ચાર સભ્યો દ્વારા આ બજેટ મંજૂરી માટે અસહમતિ દર્શાવવામાં આવતાં બજેટ નામંજૂર થયુ છે.

અધ્યાસી અધિકારીએ સભાનું રોજકામ કરી અને તાલુકા વિકાસ અધિકારીને આગળની કાર્યવાહી માટેનો અહેવાલ આપ્યો હોવાનું જાણવા મળેલ છે.



વરદાયીની મંદિર - રૂપાલના વરદાયીની મંદિર ખાતે વરદાયીની માતાજીના દર્શન કરી મુખ્યમંત્રીશ્રીએ ધન્યતા અનુભવી હતી... આ પ્રસંગે જીલ્લા ભાજપના પદાધિકારીઓ તથા મંદિરના ટ્રસ્ટીઓએ મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું... પૂનમના દિવસે વરદાયીની માતાના મંદિરે મોટા પ્રમાણમાં ભાવિકો દર્શને ઉમટે છે... મુખ્યમંત્રીએ આ પ્રસંગે સૌને શુભકામનાઓ પાઠવી હતી...

# શહેરમાં કોરોનાના નવા ૬ અને ગ્રામ્યમાં ૩ કેસ નોંધાયા

## શહેરમાં સે. ૨૬, ૩, રાંદેસણ, સે. ૨૨, સે. ૫ અને સે. ૨ માંથી કેસ મળ્યા : સે. ૩ ની મહિલાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ : ગાંધીનગરમાં બે અને કલોલમાં એક કેસ નોંધાયો : ૭ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૬ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની ગતિ વધી રહી હોવાથી તંત્ર પણ હવે તેની રણનીતિના અસરકારક અમલીકરણ માટે આગળ વધી રહ્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે અને ખાસ કરીને અંતરિયાળ ગામોમાંથી કેસો મળવાના શરૂ થતાં લોકોને શુ સાચવેતી રાખવી તે વિશે અલાયદુ જનજાગૃત્તિ અભિયાન પણ સર્વેલન્સની સાથે સાથે શરૂ કર્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે પણ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે તેથી તંત્રને રાહત છે. ગાંધીનગર શહેરમાં નોંધાયેલ એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાએ તંત્રની ચિંતા જરૂર વધારી છે. જો કે આ વખતે કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ વધુ મળી રહ્યા હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ દર્દીઓ વધુ પસંદ કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં એક વૃદ્ધ મહિલા અને બે યુવા દર્દીઓનો સમાવેશ થાય છે. આ કેસો ગાંધીનગર અને કલોલ તાલુકામાંથી મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના દંતાલી ગામેથી બે કેસ મળ્યા છે. ૨૫ વર્ષીય યુવાન અને ૭૩ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલના છત્રાલ ગામેથી ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં આજે એક દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરના સેક્ટરોમાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓમાં એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૬ અને સે-૧૭માં નવા સરકારી આવાસો બાંધવા માંગણી

## જુના અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે જેના લીધે સેક્ટરોમાં ખાલીપો સર્જાતા વેપારીઓમાં નારાજગી

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના સેક્ટરોમાં વર્ષો જુના સરકારી આવાસો હવે રહેણાંકને લાયક ન રહેતા તબક્કાવાર સેકટરોમાં જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે બીજીતરફ સેકટરોમાં નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. જો કે હજુ નવા આવાસો બાંધવા લાંબા સમયથી સાઈટ આખરી થઈ નથી આવા સંજોગોમાં સે-૧૬ અને સે-૧૭ માં જુનવા આવાસો તોડવામાં આવ્યા બાદ ધીમે ધીમે સેકટરની રોનક ઓસરી ગઈ છે. જયારે આ સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરના વેપારીઓ પણ ખાલીપાના લીધે ચિંતામાં મુકાઈ રહ્યા છે. શહેરમાં નવા આવાસો બાંધવા માટે આ બન્ને સેકટરોમાં સાઈટ પસંદ કરવામાં આવે તેવી પણ લાગણી અને માંગણી પ્રબળ બની છે.

ગાંધીનગરમાં એકબાજુ જુના અને કંગાળ સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. શહેરના જુના સેકટરોમાં સરકારી આવાસોની સંખ્યા વિશેષ છે. જયારે દાયકાઓ જુના આ મકાનો હાલ ખંડેર બની રહ્યા છે. જયારે જુના આવાસોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. અલબત્ત તબક્કવાર જુના આવાસો તોડવામાં આવતા સેકટરોની ઓળખ સમાન મકાનોના સ્થાને ધીમે ધીમે મેદાન અસ્તિત્વમાં આવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિક વેપારીઓ પણ ચિંતામાં મુકાયા છે. અલબત્ત આવાસો અસ્તિત્વમાં આવ્યા ત્યારથી જ સેકટરવાસીઓને જરૂરી ચીજવસ્તુઓ નજીકમાંથી જ મળી રહે તે માટે શોપિંગ સેન્ટરો પણ કાર્યરત થયા હતા જયારે હવે આવાસો તુટી રહ્યા હોવાના લીધે વેપારીઓના ધંધા પણ ઠપ્પ થઈ રહ્યા છે. જેના લીધે વેપારીઓમાં પણ ચિંતા પ્રવર્તી છે. અત્યાર સુધી શહેરના સે- ૬ , ૭ સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. કોર્પોરેટ લુક ધરાવતા આ આવાસોમાં હાલ કર્મચારીઓના પરિવારોનો વસવાટ પણ છે. પરંતુ શહેરના સે- ૧૬ અને સે-૧૭ માં આવાસો તોડવાનુ આયોજન કરાયુ છે. જુના અને જોખમી મકાનો હોવાના લીધે વર્ષોના અંતે આવાસોનો નિકાલ કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે સરકારી આવાસોના અસ્તિત્વથી રોનક ધરાવતા આ સેકટરોમાં વસવાટ ઘટી રહ્યો છે. જયારે હજુ પણ આવાસો તોડવાનુ આયોજન છે ત્યારે સેકટરના શોપિંગ સેન્ટરના વેપારીઓ પણ ચિંતામાં મુકાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સરગાસણમાં આર્થિક નબળા પરિવારો માટે આવાસ તૈયાર પણ લોકાર્પણમાં વિલંબ

## ફોર્મ મુજબ અને નકશામાં દર્શાવાયેલા મકાન નંબરમાં પણ ગડબડ હોવાનો આક્રોશ


ગાંધીનગર, તા.૬

સરગાસણમાં આર્થિક નબળા વર્ગના પરિવારો માટેના આવાસો તૈયાર હોવા છતાં તેનું લોકાર્પણ કરવામાં આવ્યું નથી જેના લીધે લાભાર્થીઓમાં મૂંઝવણ પ્રવર્તી છે ઉછીના, ઉધાર મેળવીને નાણાં ભરપાઈ કરવા છતાં તેમને ઘરના ઘરની ચાવી આપવામાં આવી નથી . ગુડામાંથી લાભાર્થીઓને એવો પ્રતિઉત્તર મળે છે કે ફાઈલ સીએમઓમાં છે ત્યાંથી તારીખ મળશે ત્યારે આગળ જોયુ જાશે

ગુડા દ્વારા આ પુર્વે પણ જ્યારે આવાસના લાભાર્થીઓનો ડ્રો યોજવાનો હતો. ત્યારે આવી જ સ્થિતિ સર્જાઈ હતી મુખ્યમંત્રી કાર્યાલયમાંથી તારીખો જ ફાળવવામાં નહીં આવવાના કારણે લાભાર્થીઓએ લાંબો સમય રાહ જોવાનું બન્યુ હતું. જેનું હવે સરગાસણની વસાહતના કિસ્સામાં પુનરાવર્તન થતું જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત એવી વાત પણ જાણવા મળી છે, કે સરગાસણની યોજનાના લાભાર્થીઓ માટે ડ્રો તારીખ ૨૨ જુન ૨૦૨૦માં કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી ચાવી સોંપવાની વેળા આવી નથી. વધારામાં સરગાસણનું કામ કુડાસણમાં મુકાયેલી યોજનાના પહેલા શરૂ કરવામાં આવ્યુ હતું. પરંતુ કુડાસણના કિસ્સામાં ૯ મહિના પહેલા લાભાર્થીઓને ઘરની ચાવી સોંપાઇ ગઇ છે.

સરગાસણના અસરગ્રસ્ત લાભાર્થીઓના મતે અમે મેન્ટેનન્સ સહિતની રકમ ચૂકવી દીધી છે .

જયારે મકાન ફાળવવામાં આવતું નથી જયારે નવી સમસ્યા એ સર્જાઈ છે કે ફોર્મ ભરવામાં આવ્યા ત્યારે બતાવેલા નકશા પ્રમાણેના મકાન નંબર હાલની નંબર પ્લેટમાં દર્શાવાયા નથી. પરિણામે જ્યારે નંબર પ્લેટ લાગી ન હતી. ત્યારે નકશાના નંબર પ્રમાણે જે મકાનને લાભાર્થીને મકાન પોતાનું હોવાનું સ્પષ્ટ થતું હતું જયારે મકાનના નંબર હવે બદલાઈ જવાથી લાભાર્થીઓ મૂંજાયા છે આ મામલે નકશામાં બતાવવામાં આવેલા નંબર પ્રમાણે જ ફલેટની મકાન નંબર પ્રમાણે ફાળવણી થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.



તુમ રક્ષક કાહુ કો ડરના... - હનુમાન જયંતિના પાવન પર્વે શહેરના સરગાસણવિસ્તારમાં ઝેડ-પ્લસ વસાહતમાં હનુમાન જયંતિની ઉજવણી ભાવપૂર્વક થઈ હતી... હનુમાનજીને ૫૬ ભોગનો પ્રસાદ ધરાવાયો હતો અને હનુમાન ચાલીસાના સામુહિક પાઠ તથા સુંદરકાંડના પાઠ કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સાળંગપુર હનુમાનજીના પ્રતિકૃતિ સમા તસવીર અને પ્રતિમાનું વિધિવત સ્થાપન કરાયું છે...

# સેક્ટર-૨/૧ કટ પાસે ૧૫૦ મીટર માર્ગ તમામ વાહન વ્યવહાર માટે પ્રતિબંધિત

## મેટ્રોરેલની કામગીરીને પગલે ચ-માર્ગ પર સેક્ટર-૨/૧ કટ પાસે અંદાજિત ૧૫૦ મીટર જેટલો રોડ તમામ વાહન વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે

ગાંધીનગર, તા.૦૧ -માર્ચ, ૨૦૨૩

થી ૬ માસ સુધી ચ-૦ સર્કલથી ચ-૨ સર્કલ સુધીના રોડ પર મેટ્રો રેલવેનું કામ કરવામાં આવનાર છે. જેથી ચ-૦ સર્કલ થી ચ-૨ સર્કલ સુધીનો રોડ ચાલુ રાખવામાં આવેલ છે પરંતુ ચ-૨ સર્કલ થી ચ-૦ તરફ જતા રોડ પર સેકટર ૨/૧ ના કટ પાસે મેટ્રોની કામગીરી ચાલુ હોવાથી અંદાજિત ૧૫૦ મીટર જેટલા અંતર સુધીનો રોડ બંધ કરી સદર રૂટનો ટ્રાફીક ચ-૦ થી ચ-૨ તરફ આવતા મુખ્ય રોડ પર ડાઈવર્ઝન આપવામાં આવેલ છે. ત્યારબાદ ચ-૨ થી ચ-૦ તરફના મુખ્ય રોડ પર જઈ શકાશે. તેમજ ડાઈવર્ઝન વાળી જગ્યાએ સામેનો રોડ પહોળો કરવામાં આવનાર છે, જેથી સામસામે વાહન વ્યવહાર ચલાવી શકાશે તેમ છે, તેવું જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ભરત જોષીએ જણાવ્યું છે.

ડાઈવર્ઝન અન્વયે આર.બી.એલ કંપનીના ટ્રાફિક એન્જિનિયર તથા ટ્રાફિક માર્શલનાઓએ રાત્રિના સમયે હાજર રહી ટ્રાફિક નિયમન માર્ગદર્શન કરવાનું રહેશે. જેથી ટ્રાફિકની કોઈ સમસ્યા ન સર્જાય તેમજ કોઈ દુર્ઘટના ન બને તેની કાળજી પણ રાખી શકાશે. તથા સદર જગ્યાએ રાત્રિના સમય દેખાય તે રીતેના ડાઈવર્ઝન અંગેની જરૂરિયાતના સાઈન બોર્ડ તેમજ બેરીકેટીંગ કરવામાં આવશે. કામગીરી દરમિયાન કોઈ વી.વી.આઈ. પી મુવમેન્ટ કે અન્ય કારણોસર રસ્તો ખુલ્લો કરવાના થાય તો કંપનીના અધિકૃત અધિકારીઓની સૂચનાઓ આપવામાં આવે તેનું ચુસ્ત પાલન કરવાનો આદેશ પણ આપેલ છે. સદર આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.



ઉપરાછાપરી માવઠાના માર પછી ઉનાળાની ઋતુએ હવે ધીમે ધીમે પોતાનો આકરો મિજાજ દેખાડવાનું શરૂ કર્યુ છે જેની પહેલી અસર પક્ષીઓને વર્તાય છે કેમકે જેમ જેમ તડકાનો તાપ વધતો જાય તેમ તેમ નાના મોટાં ખાબોચીયાં કે પાઈપલાઈનના લિકેજથી સર્જાતા પાણીના ભરાવા સુકાવા લાગે છે જેના કારણે માનવ વસાહત સાથે રહેતાં પંખીઓને તેમની તરસ છીપાવવા આમતેમ ભટકાવાના વારા આવે છે. તસવીરમાં દ્રષ્યમાન જાજરમાન રાષ્ટ્રીય પક્ષી મોર પણ કોઈક લીકેજના પાણીને શોધીને પોતાની તરસ છીપાવતો નજરે ચઢે છે. જોકે હજુ ઉનાળો તેના મધ્યાહને પંહોચ્યો નથી, તેમ થશે પછી તો મોરને આ પ્રકારના જળસ્રોત શોધવા પણ ખૂબ અઘરાં બનશે, માટે શહેરીજનોએ કરૂણા દાખવી તેમની આસપાસ રહેતાં અને કિલકિલાટ કરીને શહેરીજનોના મનને પ્રસન્ન કરતાં તથા જોખમી કિટકોને આરોગી જઈને નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણીમાં મદદરૂપ થતાં આ "નિઃસ્વાર્થ મિત્રો" માટે પાણીના કુંડા લગાડી તેમની તરસ છીપાવવામાં મદદરૂપ થવાની ફરજ ના ચુકવી જોઈએ

# જુનિયર ક્લાર્કની પરીક્ષાને પગલે ડેપો દ્વારા ઓનલાઈન રીઝર્વેશનની વ્યવસ્થા

## ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા પરીક્ષા આપવા જવા માટે સલામત સવારી સરળતાથી મળી રહે તે મુજબનુ આયોજન : જિલ્લામાંથી બહાર પરીક્ષા આપવા જનારા ઉમેદવારોની સંખ્યા પણ વધુ

ગાંધીનગર તા ૬

પંચાયત સેવા પસંદગી મંડળની પરીક્ષાને અનુલક્ષી જિલ્લા કક્ષાએ પણ જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે જિલ્લામાંથી બહારના કેન્દ્રો પર પરીક્ષા આપવા જનારા પરીક્ષાર્થીઓની સંખ્ય પણ વિશેષ છે જેને અનુલક્ષીને એસ ટી ડેપો કક્ષાએથી જરૂરી બસ સેવા મળી રહે તે મુજબનુ પણ આયોજન કરાયુ છે. જિલ્લામાંથી આ પરીક્ષામાં અંદાજિત ૩૭ હજારથી વધુ પરીક્ષાર્થીઓ હાજરી આપવાના છે. જયારે આ પૈકી ઉત્તર ગુજરાત અને સાબરકાંઠાના સેન્ટરો પર પરીક્ષા આપવા જનાર પરીક્ષાર્થીઓની સંખ્ય પણ વધુ છે. જેને અનુલક્ષીને આ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી તારીખ ૯ એપ્રિલના રોજ યોજનારી પરીક્ષાને અનુલક્ષીને જિલ્લા કક્ષાએ પણ જરૂરી તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જિલ્લામાંથી અંદાજિત ૩૭ હજારથી વધુ પરીક્ષાર્થીઓ આ પરીક્ષામાં હાજરી આપશે. જેને ધ્યાનમાં રાખી પરીક્ષા કેન્દ્રો પર જરૂરી વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાશે ગેરરીતી આચરનારા તત્વો સામે નવા કાયદા મુજબ આકરી કાર્યવાહી કરવામાં આવશે. જયારે જિલ્લામાં પરીક્ષાર્થીઓ માટે હેલ્પલાઈન તેમજ કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. જયારે પરીક્ષા ખંડોમાં પણ સી સી કેમેરા ની વ્યવસ્થા છે. આ ઉપરાંત પેસેજ એરિયાનુ પણ મોનીટરીંગ કરવા માટે કેમેરાની વોચ રહેશે. જયારે પરીક્ષા ખંડમાં પ્રવેશ લેતા પુર્વે પરીક્ષાર્થીઓનુ સ્કીનીંગ પણ કરવામાં આવશે. જયારે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રો પર સમયસર પહોંચે તે માટે યોગ્ય બસ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ગાંધીનગરથી ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા વિસ્તારમાં પરીક્ષા આપવા જતા જિલ્લાના ઉમેદવારો માટે વધારાની બસ સેવા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. જયારે આ માટે કોઈપણ પરીક્ષાર્થીઓએ હાલાકી ન વેઠવી પડે તે માટે ગાંધીનગર ડેપો કક્ષાએથી પરીક્ષાર્થીઓ ઓનલાઈન રીઝર્વેશન કરાવી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ડિસા, પાલનપુર અને મહેસાણા સહીતના વિવિધ જગ્યાએ અપાયેલા સેન્ટરો પર જિલ્લાના ઘણાં પરીક્ષાર્થીઓને નંબર આપવામાં આવ્યા છે. જેના લીધે જિલ્લાના આવા પરીક્ષાર્થીઓને પરીક્ષા સ્થળ પર પહોંચવા માટે કોઈપણ પ્રકારની હાલાકી ન વેઠવી

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com